# બ્રાહ્મણો અંગે અપમાનજનક ટિપ્પણી મુદ્દે હાર્દિક પટેલે બ્રહ્મ સમાજની માફી માંગી

ગાંધીનગર,તા.૩

પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલે એક વીડિયોમાં બ્રાહ્મણ સમાજની મહિલાઓ અને પુરુષો અંગે કરેલી વાંધાજનક ટિપ્પણીને લઈને પોલીસ ફરિયાદ દાખલ કરવા બ્રાહ્મણ સમાજનું એક પ્રતિનિધિમંડળ મંગળવારે શહેર ક્રાઈમ બ્રાંચની ઓફિસે આવ્યું હતું જો કે ક્રાઈમ બ્રાંચે તેમની ફરિયાદ નહીં લઈ ચાંદખેડા પોલીસનો સંપર્ક સાધવાનું કહ્યું હતું. આખરે ચાંદખેડા પોલીસે તેમની અરજી લઈ તપાસ હાથ ધરી છે. ત્યારે આ અંગે હાર્દિક પટેલે માંફી માંગતો એક વિડિયો વાયરલ કર્યો છે. જેમાં તે બ્રાહ્મણ સમાજની મહિલા અને બહેન દિકરી વિશે જે કાંઇ બોલ્યો છે. તે અંગે માફી માગે છે.

અભિષેક શુકલા (રહે. ચાંદખેડા)એ હાર્દિક પટેલ અને તેના બે સાથીદારો સામે પગલાં લેવાની માંગણી કરતી અરજીમાં જણાવ્યું છે કે તેમના એક મિત્ર થકી તેમની પાસે આવેલી એક વીડિયો સીડીમાં હાર્દિક પટેલ તેના મિત્રો અને એક મહિલા એક રૂમમાં બેઠેલા જણાય છે અને તેમની વાતચીતમાં બ્રાહ્મણ સમાજની મહિલાઓ અને પુરુષો અંગે અભદ્ર ટિપ્પણી કરતા જણાય છે.

અમૃત મહોત્સવ : સરઢવ કેળવણી ઉત્તેજક મંડળનો અમૃત મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો. પૂ. દ્વારકેશલાલજીની નિશ્રામાં યોજાયેલ સમારોહમાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૌતમભાઈ બક્ષી, ગીરીશભાઈ પટેલ, વાડીભાઈ પટેલ, ડૉ. મુકુંદ ઠાકર, ડૉ. કે. ટી. પટેલ, ડૉ. સી. જે. ચાવડા, અશોકભાઈ પટેલ, ભાગ્યેશ જહા, બી. આર. પટેલ, અમૃતભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૭માં ફલેટના ત્રીજા માળેથી પટકાયેલા આધેડનું શંકાસ્પદ મૃત્યુ

## પાટણનો આધેડ મિત્રના ફલેટમાંથી નીચે પટકાયો મિત્ર પરિવાર સાથે લાપતા : પોલીસ તપાસ શરુ

ગાંધીનગર, તા.૩

શહેરના સેકટર-૭-એ ખાતે આવેલા એક ફલેટના ત્રીજે માળથી ગઈ રાત્રે પાટણનો આધેડ નીચે પટકાતા તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું છે. મિત્રના ઘરે આવેલો આધેડ ત્રીજા માળેથી કેવી રીતે પડયો અને આ ઘટના બાદ ફલેટધારક મિત્ર તેના પરિવાર સાથે કયાં અને કેમ ગાયબ થઈ ગયો તે સમગ્ર બાબત રહસ્યમય છે. આધેડનાં શંકાસ્પદ મોત મામલે સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની ઉંડી તપાસ હાથ ધરી છે.

સેકટર-૭-એ પ્લોટ નં. ૨૬૪/૧ ખાતે ફલેટના ત્રીજે માળ રહેતા ચિરાગભાઈને ત્યાંથી ગઈ રાત્રે ૧૦ વાગ્યા પહેલા તેનો ૪૫ વર્ષીય મિત્ર ગાંડાભાઈ વછરાભાઈ ઠાકોર (રહે. નાયનવાડા, પાટણ) ત્રીજે માળથી કોઈ રીચે નીચે પટકાઈને પડયો હતો. ગાંડાભાઈનું ઘટનાસ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલિસ મથકના પીએસઆઈ એસ.ડી. ચૌધરી ઘટન સ્થળે સ્ટાફ સાથે પહોંચી ગયા હતા અને જોયું તો જે ફલેટમાં મિત્ર ચિરાગને ત્યાં તે આવ્યો હતો તે ચિરાગ તેના પરિવાર સાથે ઘર ખુલ્લુ રાખીને ફરાર થઈ ગયો હતો. મૃતક ગાંડાભાઈ પાસેથી દારૂની અત્યંત દુર્ગંધ આવતી હતી. પાટણના મિત્ર સેકટર-૭માં કેમ આવ્યા હતા? ત્રીજે માળથી ગાંડાભાઈ પડી ગયા કે ઝપાઝપી થઈને ધક્કો વાગ્યો? અકસ્માત હતો કે હત્યા? સમગ્ર બાબત અત્યંત રહસ્યમય છે. આ મકાનમાં છાશવારે ઝગડાઓ થતા હોવાનું સ્થાનિકોનું કહેવું છે. સે-૭ પોલિસે મૃતદેહ પીએમ કરાવી શંકાસ્પદ ઘટનાના મુળ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# બટાટાના ભાવ ગગડતા ખેડૂતોની માઠી દશા

ગાંધીનગર,તા.૩

બટાટાની ખેતી કરતા ખેડૂતોની શરૂઆતથી જ માઠી દશા બેઠી હતી. શરૂઆતમાં બટાટાના પોષણક્ષમ ભાવો ન મળતા ખેડૂતોને તેને કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવાની ફરજ પડી હતી. કેટલાક ખેડૂતોના બટાટા વેપારીઓ દ્વારા પણ ખરીદ કરી સંગ્રહ કરવામાં આવ્યો હતો. પરંતુ વર્ષ પૂરું થવા આવ્યું હોવા છતાં બટાટાના ભાવો સુધરવાના બદલે દિવસેને દિવસે વધુ ગગડી રહ્યા હોવાથી બમણો માર સહન કરવાની નોબત આવી છે.

દહેગામ પંથકમાં કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરાયેલા બટાટા પૈકી હજુ પણ કોલ્ડસ્ટોરેજમાં આશરે સાત લાખ કટ્ટાનો સ્ટોક હયાત છે. છેલ્લા એક મહિનાથી બટાટા માર્કેટમાં વેચી રહેલા ખેડૂતો અને વેપારીઓને બટાટાનો સંગ્રહ ખર્ચ કટ્ટે ૧૦૫ ની સાથે જથ્થાબંધ માર્કેટમાં કટ્ટે ૩૦ થી ૬૦ રૂપિયાનો ભાવ મળી રહ્યો હોવાથી બટાટા ખરીદનાર અને સંગ્રહ કરનાર ખેડૂતોએ નફાની વાતતો બાજુમાં રહી, પરંતુ બટાટા પકવવા માટે કરેલ હજારો રૂપિયા ખર્ચ અને કોલ્ડ સ્ટોરેજનું ભાડું પણ માથે પડયુ છે. બટાટા માર્કેટમાં કફોડી હાલતને જોતા સરકાર દ્વારા તત્કાલીન સમયે ખેડૂતોને કિલો દિઠ એક રૂપિયા સબ્સિડી અને રાજ્ય બહાર નિકાસ પર એક રૂપિયો સબ્સિડીની જાહેરાત કરી હતી તેની મુદત પણ ૩૦ મી ડિસેમ્બરના રોજ પૂરી થઈ રહી છે તે જોતા ખેડૂતો અને વેપારીઓની હાલત વધુ ફકોડી બનશે અને ખેડૂતો લાખો રૂપિયાના દેવાના ડુંગર નીચે દબાઈ જવાની નોબત આવશે તે દિવસો દૂર નથી.

બટાટાના મામલે સરકારનું વલણ પ્રથમ દિવસથી ઉદાસિન રહેતાં ખેડૂતોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારે બટાટા પર સબ્સિડી જાહેર કરી વાહવાહી લૂંટવામાં કોઈ કસર બાકી રાખી ન હતી, પરંતુ સબ્સિડી જાહેર થયા બાદ પણ બટાટાને અન્ય દેશોમાં નિકાસ કરવાની દિશામાં કોઈ કાર્યવાહી ન કરતાં બટાટાના ભાવો દિન-પ્રતિદિન વધુને વધુ તળિયે બેસી જવા પામ્યા હતા. દહેગામ પંથકના મોટાભાગના ખેડૂતો બટાટાની ખેતી પર પોતાનું જીવન નિર્વાહ કરતા હોય છે, પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી બટાટાની ખેતી ખેડૂતોને રાતા પાણીએ રડાવી રહી છે.

## સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા પૂર્વ તાલીમ કેન્દ્રનું આયોજન

સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિમાં રાજયપાલ પુરસ્કાર માટે કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા એક દિવસીય પૂર્વ તાલીમ કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. તા. ૩-૧-૨૦૧૮ને બુધવારના રોજ ગુજરાત રાજય ભારત સ્કાઉટ સંઘ દ્વારા વિદ્યાર્થીઓની લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષા કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે યોજવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય ભાવનાબા વાઘેલા તથા નિવૃત્ત ઉપાચાર્ય ચિનુભાઈ પટેલે હાજર રહીને પ્રવૃત્તિને બિરદાવી સ્વાગત પ્રવચન કર્યું હતું. ગ્રામજનોની ઉપસ્થિતિમાં પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવાયા હતા. સંસ્થા દ્વારા બાળકોને મોં મીઠું કરી શુભેચ્છા અપાઈ હતી અને જિલ્લામાંથી વધુ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિમાં જોડાય તેવું સૂચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ સ્થાનિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ નિહાળ્યો હતો તથા તેમની પ્રવૃત્તિને બિરદાવી હતી અને શાળાઓમાં આ પ્રકારની પ્રવૃત્તિ થાય તેવી ઈચ્છા વ્યકત કરી હતી.

ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર દેશભરમાં વર્ષ-૨૦૧૮નુ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા વર્ષનો ઉમંગ ઉજવણી સાથે નાગરિકોને જવાબદારીઓ પણ યાદ રખાવે તે અત્યંત જરૂરી છે. નવા વર્ષના પ્રારંભે ગાંધીનગર નજીકના ચાંદખેડાના આર્ટિસ્ટ મુકેશ પંડ્યાએ સ્વચ્છતાના સંદેશ સાથે વર્ષ-૨૦૧૮ને આવકારતુ ચિત્ર તૈયાર કર્યુ છે. આ ચિત્રમાં તેમણે સ્વચ્છતાના વૈશ્વિક બ્રાન્ડ એમ્બેસેડર સમા મહાત્મા ગાંધીથી માંડીને 'ઘર ઘર શૌચાલય' થકી સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતના સ્વપ્ન દ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંદેશને પણ અદ્‌ભૂત રીતે સમાવી લીધો છે.

# આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં નાણાં વિભાગની ટીમનો વિધાનસભાની ટીમ સામે ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૩

આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની સ્પર્ધા સ્પોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગરના મેદાન ખાતે યોજાયેલ ૩૦-૩૦ ઓવરની મેચમાં વિધાનસભાની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લેતા ૩૦ ઓવરમાં ૯ વિકેટે ૧૯૨ રન કર્યા હતા, જેમાં દિનેશ ચૌધરીના ૫૮ રનમાં ૫ ચોગ્ગા અને ૧ સીક્સ મુખ્ય હતા. જ્યારે નાણા વિભાગની ટીમના બોલરોએ તરખાટ મચાવતા વિધાનસભાની ટીમ પત્તાના મહેલની માફક તુટી ગઈ હતી. નાણાં વિભાગના બોલરોમાં ધર્મેશ કહારે ૬ ઓવરમાં ૨૮ રન આપી ૪ વિકેટ ઝડપી હતી. ભરત ઠાકરે ૨ વિકેટ, ધર્મીત જાની અને વૈભવ મોડ ૧-૧ વિકેટ ઝડપી હતી.

નાણાં વિભાગે રનનો પીછો કરતા ૨૮.૨ ઓવરમાં ૭ વિકેટે ૧૯૪ રન કરતા નાણા વિભાગની ટીમનો ત્રણ વિકેટથી ભવ્ય વિજય થયેલ છે. નાણા વિભાગ તરફથી વૈભવ મોડના ૫૮ રનમાં ૭ ચોગ્ગા અને ૧ સીક્સ મુખ્ય હતા. શૈલેષ આર. પ્રજાપતીના ૪૯ રનમાં ૭ ચોગ્ગા મુખ્ય હતા. ભાવિન મોદીના ૧૫ રન, સંદિપસિંહ ચાવડાના ૧૪ રન અને ધર્મીત જાનીના અણનમ ૧૨ રન મુખ્ય હતા. જ્યારે વિધાનસભાની ટીમના બોલર તરીકે ગૌતમભાઈ પટેલની ૨ વિકેટ, ચિરાગ પટેલની ૨ વિકેટ અને દિનેશ ચૌધરી અને નીરજ ગામીતની ૧-૧ વિકેટ મુખ્ય હતી.

નાણાં વિભાગની ટીમના મેનેજર દિનેશ બી. દાણીના જણાવ્યા અનુસાર આજની મેચના 'મેન ઓફ ધ મેચ' તરીકે નાણાં વિભાગના ઝડપી બોલર ધર્મેશ કહારને જાહેર કરવામાં આવ્યા છે.

# વિપક્ષ નેતા પદ માટે પરેશ ધાનાણી અને કુંવરજી બાવળીયા મોખરે

ગાંધીનગર, તા.૩

ભાજપ બાદ હવે કોંગ્રેસમાં પણ વિપક્ષના નેતાના પદ માટે હુંસાતુંસી ચરમસીમાએ પહોંચી છે. વિધાનસભામાં કોંગ્રેસપક્ષના નેતા(વિરોધ પક્ષના નેતા) તરીકે

અમરેલીના યુવા ધારાસભ્ય પરેશ ધાનાણીનું નામ રેસમાં સૌથી આગળ અને લગભગ નક્કી જેવું જ છે પરંતુ બીજીબાજુ, કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજી બાવળિયા, વિક્રમ માડમ અને મોહનસિંહ રાઠવા પણ મેદાનમાં ઉતરી આવ્યા છે. કુંવરજી બાવળીયાએ તો એટલી હદે ચીમકી આપી દીધી હતી કે, કોંગ્રેસ હાઈકમાન્ડ વિપક્ષના નેતાનું નામ નક્કી કરે તે માન્ય છે પરંતુ જો પરેશ ધાનાણીને વિપક્ષના નેતા બનાવાય તો, ૨૦૧૯માં પાર્ટીને નુકસાન સહન કરવુ પડશે, અમે કંઈ મજૂરી કરવા તો નથી આવ્યા. જો કે, કોંગ્રેસના રાષ્ટ્રીય નીરીક્ષકો દ્વારા મીડિયા સમક્ષ દાવેદારી કરનારા આ ધારાસભ્યોને ઠપકો પણ આપ્યો હતો. આવતીકાલે ધારાસભ્યો સાથે વન ટુ વન બેઠક અને પુષ્ન ચર્ચાવિચારણા બાદ વિપક્ષના નેતાનું નામ જાહેર કર્યા તેવી શકયતા છે. વિપક્ષના નેતાની પસંદગીની બાબત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી પર છોડવામાં આવી હતી. બાવળિયાએ પોતે સિનિયોરિટીમાં આગળ હોવાનો મુદ્દો ઉઠાવી વિપક્ષના નેતા તરીકે તેમને આ વખતે તક મળવી જોઈએ તેવી લાગણી વ્યકત કરી હતી. બીજીબાજુ, વિક્રમ માડમ પણ ઘણા ધારાસભ્યો તેમની ફેવરમાં હોવાના દાવા સાથે મેદાનમાં ઉતરી આવ્યા છે અને વિપક્ષના નેતા તરીકે તેમને પણ તક અપાય તેવું માની રહ્યા છે. તો, મોહનસિંહ રાઠવાએ પણ પોતાની દાવેદારી નોંધાવી છે. આજે કોંગ્રેસ કાર્યાલય ખાતે ગુજરાત કોંગ્રેસના

પ્રભારી અશોક ગેહલોત, જીતેન્દ્રસિંહ સહિતના નેતાઓની હાજરીમાં ચૂંટાયેલા ધારાસભ્યોની મહત્વની બેઠક મળી હતી. જેમાં વિપક્ષના નેતાની પસંદગી, ઉપનેતા, દંડક અને જાહેર હિસાબ સમિતિના સભ્યોના નામ અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. બેઠકમાં ધારાસભ્યોનો પ્રાથમિક અભિપ્રાય લેવાયો હતો. હવે આવતીકાલે પક્ષના મોવડીમંડળ સાથે ચર્ચા કર્યા બાદ જરૂરી નિર્દેશાનુસાર વિપક્ષના નેતાનું નામ જાહેર કરાય તેવી પણ શકયતા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે સૌરાષ્ટ્રમાં કોંગ્રેસનો દબદબો રહ્યો હતો. ૫૪માંથી ૩૦ બેઠકો મેળવી કોંગ્રેસે સૌરાષ્ટ્રમાં ભાજપને જોરદાર પછડાટ આપી હતી.

આમ, હવે કોંગ્રેસમાં પણ વિપક્ષના નેતાના પદ માટેની આંતરિક લડાઈ જોર પકડી રહી છે. સમગ્ર મામલો કોંગ્રેસના હાઈકમાન્ડ સુધી પણ પહોંચ્યો છે પરંતુ આ વખતે ભૌગોલિક સંતુલન માટે પણ વિપક્ષી નેતાનું પદ સૌરાષ્ટ્રને એટલે કે, ધાનાણીને ફાળવાય તેવી પ્રબળ શકયતા છે. ગઈકાલે જ રાજયના મત્સ્યોદ્યોગપ્રધાન પરસોત્તમ સોલંકીએ પોતાની નારાજગી જાહેર કરી ભાજપ સરકારને વધુ એક વિવાદમાં ઘસડી હતી અને કોળી સમાજ ખાતા ફાળવણીને લઈ નારાજ હોવાનો મુદ્દો ઉઠાવી આજે કેબીનેટની બેઠકમાં પણ ગયા ન હતા. આમ, ભાજપમાં નીતિન પટેલના વિવાદ બાદ હવે પરસોત્તમ સોલંકીની નારાજગીનો નવો વિવાદ ચાલી રહ્યો છે ત્યારે બીજીબાજુ, કોંગ્રેસ વિપક્ષના નેતાની હોડમાં મેદાને પડેલા તેના ઉમેદવારોને મનામણાં કરવામાં પડી છે. આમ, બંને પક્ષે વિવાદ અને નારાજગીનો દોર ગુજરાતના રાજકારણમાં ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# સંસ્કૃતિ સંસ્થા દ્વારા ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા મુંબઈની પ્રખ્યાત સાહિત્ય પ્રકાશનની સંસ્થા ઈમેજ પબ્લિકેશનના સહયોગથી સાહિત્યનો ત્રિવેણી સંગમ ઉત્સવનો કાર્યક્રમ આગામી તા. ૮મી જાન્યુઆરીના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજી રહી છે. આ કાર્યક્રમમાં ઈમેજ પ્રકાશન દ્વારા પ્રગટ થનાર પુસ્તક 'મારૂ શહેર' નામના પુસ્તનું વિમોચન કરાશે. તથા તેમાં પોતાના શહેર સાવરકુંડલા વિષે લખનાર જાણીતા હાસ્ય લેખક રતિલાલ બોરીસાગર આ પુસ્તક ઉપર પોતાનું વક્તવ્ય આપશે. આ પ્રસંગે ગુજરાતી ફિલ્મો છેલ્લો દિવસ, થઈ જશે, પાસપોર્ટ, કેશ ઓન ડિલિવરી અને લવની ભવાઈમાં અભિનયના ઓજસ પાથરનાર જાણીતા અને લોકપ્રિય અભિનેતા મલ્હાર ઠાકર ખાસ ઉપસ્થિત રહેશે. જાણીતા કવિ ખલિલ ધનતેજવી આ પ્રસંગે પોતાની ગઝલોનું પઠણ કરશે. ત્યારબાદ 'મારૂ શહેર' પુસ્તકના લેખોનું નાટ્ય રૂપાંતર પ્રસ્તુત થશે. સંજય ગોરડિયા પ્રોડક્શનના નેજા નીચે તૈયાર થનાર આ નાટ્યાંશોનું દિર્ગદર્શન વિપુલ મહેતા કરશે અને કલાકારો તરીકે મીનળ પટેલ, ઉત્કર્ષ મઝુમદાર, ચિરાગ વોરા, નમ્રતા પાઠક, મેઘના સોલંકી, પરેશ ભટ્ટ અને ખંજન થુબર અભિનયના અજવાળા પાથરશે.

આ કાર્યક્રમ અંગે ઈમેજ પબ્લિકેશનના ઉત્પલ ભાયાણી અને હિતેન આનંદપરા ખાસ આયોજન ગોઠવી રહ્યા છે. સંસ્કૃતિ સંસ્થાના તમામ સભ્યોને આ વિશિષ્ટ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ રમેશ પટેલ દ્વારા અનુરોધ કરાયો છે.

# જે.એમ. ચૌધરી શાળા ખાતે ક્વિઝ કોમ્પિટીશન યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા ચૂંટણી કમિશનર કચેરી તથા ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુકત ઉપક્રમે નેશનલ ઈલેકશન ગુજરાત ક્વિઝ કોમ્પિટીશન ઉજી જાન્યુઆરી ૨૦૧૮ના રોજ જે.એમ.ચૌધરી શાખા ખાતે યોજાઈ હતી. જમાં કુલ ૨૬ શાળાઓએ ભાગ જીધો હતો. આ ક્વિઝ કોમ્પિટીશનમાં કુલ ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ચૌધરી કિસા બી.નો ત્રીજો ક્રમાંક આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ તથા કલેકટર સતિષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરિયા તળાવનાં પગથિયાં ૯૩ લાખના ખર્ચે રિપેર કરાશે

અમદાવાદ,તા.૩ ૨૦૦૮થી અમદાવાદીઓ માટે ખુલ્લું મુકાયું હતું. આ દરમ્યાન મ્યુનિસિપલ સત્તાવાળાઓને કાંકરિયા તળાવના હેરિટેજ વારસાની જાળવણી માટે પગથિયાનું રિપેરિંગ જેવા કામ હાથ ધર્યાં હતાં. હવે અટલ રેલવે વર્કશોપથી બટર ફલાયપાર્કના ગેટ સુધીનાં પગથિયાંને રૂ.૯૨.૯૪ લાખના ખર્ચે રિપેર કરાશે. મ્યુનિસિપલ હેરિટેજ વિભાગ દ્વારા આ માટેના ટેન્ડરને લીલી ઝંડી અપાઈ છે.

આ ઉપરાંત સ્વામી વિવેકાનંદ પુલ પાસે આવેલા માણેકબુરજનારિપેરિંગ માટે રૂ.૨૨.૦૧ લાખના એકમાત્ર ટેન્ડરને સત્તાવાળાઓએ મંજૂરી આપી છે. આની સાથે-સાથે શાહપુર વોર્ડમાં બરફીવાલા ભવનની બાજુમાં આવેલ અર્બન સેન્ટર ફોર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટરની સામે આવેલી કિલ્લાની જર્જરિત દીવાલના નવીનીકરણ પાછળ રૂ.૨૯.૯૫ લાખ ખર્ચાશે.

તાજેતરમાં ધમાકેદાર દશમા કાંકરિયા કાર્નિવલને સંપન્ન કરાયા બાદ હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઐતિહાસિક કાંકરિયા તળાવનાં પગથિયાંનું રિપેરિંગ કામ હાથ ધરાશે. કાંકરિયા તળાવના અટલ રેલવે વર્કશોપથી બટર ફલાયપાર્કના ગેટ સુધીનાં ૧૮૦ મીટર સુધીના બિસમાર પગથિયાંને આશરે એક કરોડ રૂપિયાના ખર્ચે રિપેર કરવાની દિશામાં કવાયત હાથ ધરાઈ છે.

શહેરની અસ્મિતા સમાન કાંકરિયા તળાવનાં પગથિયાંને કાળક્રમે ઘસારો પહોંચવાથી નુકસાન થયું છે. કાંકરિયા તળાવને ૨૦૦૬માં રૂ.૩૬ કરોડના ખર્ચે નવાં રંગરૂપ આપવાની શરૂઆત કરાઈ હતી, જે ડિસેમ્બર-૨૦૦૮માં પૂર્ણ થતાં નવાં રંગરૂપ પામેલા કાંકરિયા તળાવને ગત તા.૨૫ ડિસેમ્બરથી તા.૩૧ ડિસેમ્બર, ૨૦૦૨ દરમ્યાન પ્રથમ કાંકરિયા કાર્નિવલનું આયોજન કરીને ગત તા.૨ જાન્યુઆરી,

# મેટ્રો ટ્રેન વધુ એક વિવાદમાં, અમદાવાદના કોટ વિસ્તારના વેપારીઓનો વિરોધ

શહેરમાં મોટાપાયે શરુ થયેલા મેટ્રો પ્રોજેક્ટને એક બાદ એક ગ્રહણ લાગી રહ્યું છે. હવે શહેરની ઐતિહાસિક કોટ વિસ્તારમાં ચાલતા મેટ્રો કંસ્ટ્રક્શનના કારણે કાલુપુર સહિતના મુખ્ય હોલસેલ બજારોના વિસ્તારમાં કપાત આવતી હોવાથી કામ અટક્યું છે. મેટ્રો પ્રોજેક્ટ માટે રેવડી બજાર અથવા સરદાર વલ્લભભાઈ પટેલ સિંધિ કો-ઓપરેટિવ સોસાયટી (SVPSCS)ના વેપારીઓ અને તંત્ર વચ્ચે કપાત અંગે સમજૂતી નહીં થાય તો ફરી એકવાર સમગ્ર પ્રોજેક્ટનું કામકાજ અટકશે.

રેવડી બજાર માર્કેટ કોમ્પ્લેક્સમાં આશરે ૪૫૫ જેટલી કાયદેસર દુકાનો આવેલી છે જ્યારે ૬૯ જેટલી ગેરકાયદે દુકાનોના વેપારીઓ આ સંપાદન કાર્ય સામે લડત આપી રહ્યા છે. કુલ ૧૦૦૦૦ સ્ક્વેર મીટર જગ્યામાંથી આ પ્રોજેક્ટ પાછળ તેમની ૫૦૦૦ સ્ક્વેર મીટર જગ્યા કપાતમાં જશે. જેને લઈને એસોસિએશને નજીકમાં આવેલ મિલની ૧૦૦૦૦ સ્ક્વેર મીટરની જગ્યા આ ૬૦ વર્ષ જૂની બજારને રીલોકેટ કરવા માટે આપવા માગણી કરી છે. (SVPSCS)ના ચેરમેન રામ ચાવલાએ કહ્યું કે, 'મેટ્રો અને ત્યાર બાદ રોટની ટીપી કપાતથી અમારી કુલ માર્કેટની ૫૦%થી વધુ જમીન ચાલી જશે. આ જગ્યા દેશના ભાગલા પડ્યા ત્યારે પાકિસ્તાનથી આવેલા સિંધિઓને કેન્દ્ર સરકાર દ્વારા તેમના જીવનનિર્વાહ માટે આપવામાં આવી હતી. અમે બધા જ વર્ષોથી હોલસેલના વેપારમાં છીએ જો આ જગ્યા જતી રહેશે તો અમારી સામે રોજીરોટીનો પ્રશ્ન ઉભો થશે.'

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. એસકે/૨ સને ૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ, બસ સ્ટેન્ડ પાછળ, મોડાસા - ૩૮૩૩૧૫ (ફોન - ૦૨૭૭૪-૨૪૬૩૯૨) દ્વારા મેશ્વો તથા માઝમ જળાશય યોજના માટે ૩ સીટર જી.જી. કુમીયમ ચેરની જરૂરીયાત માટે તા. ૧૦૧/૨૦૧૮ સુધીમાં કોરા ટેન્ડર આપવામાં આવે છે. સદર કામની વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામ અંગેની વધુ વિગતો કામકાજ દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે. સદર કામગીરી માટે મોડાસા નગરપાલિકાની હદ મર્યાદામાં દુકાન ધરાવતી પેઢીઓને લાગુ પડશે.

**ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૫૩૩/૨૦૧૭-૧૮**

**જાહેર હરાજી**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તક બોલેરો (ડીઝલ) કાર નં. જીજે-૧૮-જી-૨૦૫૨ તથા કાર નં. જીજે-૧૮-જી-૧૭૫૮ જેની અપસેટ કિંમત અનુક્રમે રૂ. ૭૦,૦૦૦/- તથા રૂ. ૩૦,૦૦૦/- નિયત થયેલ છે. તેની જાહેર હરાજીથી નિકાલ કરવા માટે અનુક્રમે રૂ. ૭,૦૦૦/- તથા રૂ. ૩,૦૦૦/- રાષ્ટ્રીય બેંકના ડ્રાફ્ટ / ફીક્સ ડીપોઝીટ રસીદ સાથે સીલબંધ કવરમાં મંગાવવામાં આવેલ અને તેની હરાજી તા. ૧/૧/૨૦૧૮ના રોજ રાખવામાં આવેલ છે. જે અનિવાર્ય કારણસર મોકુફ રાખવામાં આવેલ હતી જે હરાજી હવે તા. ૧૬/૧/૨૦૧૮ના રોજ બપોરે ૧૩.૦૦ કલાકે વિભાગના કમિટિ રૂમમાં યોજવામાં આવેલ છે. આ અંગે અગાઉ મળેલ બેંક ડ્રાફ્ટ લક્ષમાં લેવામાં આવશે. તેમજ તે સિવાય હરાજીમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા ઈસમોએ બેંક ડ્રાફ્ટ તા. ૧૫/૧/૨૦૧૮ના રોજ કચેરી સમય સુધીમાં ઉપસચિવશ્રી (મહેકમ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર (ટે. નં. ૦૭૯- ૨૩૨ ૫૧૨૦૯)ને મોકલી આપવા જણાવવામાં આવે છે. નક્કી કરવામાં આવેલી તળિયાની કિંમતથી (Up Sett Price) ઓછી કિંમત લક્ષમાંલેવામાં આવશે નહીં.

માહિતી/૨૩૫૮/૧૭-૧૮